જ્ઞાની માનવીને જગત લોભાવી શકતું નથી, જેમ માછલીની કુદાકુદથી સાગર છલકાતો નથી
- ઓશો

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૭૬ | ૭ સપ્ટેમ્બર, ૨૦૧૪, રવિવાર; ભાદરવા સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિટ્સ

**● રાજનાથ મંગળવારે ગુજરાતમાં**

ગુજરાતના સરહદી ક્ષેત્રની પરિસ્થિતિની સમીક્ષા કરવા



કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી રાજનાથસિંઘ આગામી તા. ૯-૧૦ના રોજ ગુજરાતની બે દિવસની મુલાકાતે આવશે. ગૃહમંત્રી બન્યા બાદ શ્રી રાજનાથની આ પ્રથમ ગુજરાત મુલાકાત છે.

તેઓ પોરબંદર ખાતે તા. ૯ના રોજ ભારતીય નૌકાદળના નવા આધુનિક મથકનું નિરીક્ષણ કરશે. અહી નૌકાદળે સરદાર વલ્લભભાઈ પટેલ મથક ઉભું કર્યુ છે જે સૌરાષ્ટ્રના દરિયા કિનારાની સુરક્ષા વધારશે તેની પણ મુલાકાત લેનાર છે. અહીં તેઓ કોટેશ્વરની મુલાકાત લેશે અહીં સરહદી સલામતી દળનું મથક આવેલ છે.

**● વિશ્વમાં વસતી કરતા મોબાઈલ ફોનની સંખ્યા વધશે**

એક અભ્યાસ મુજબ વિશ્વમાં મોબાઈલ ફોનની સંખ્યા



આ વર્ષના અંતે માણસોની સંખ્યા કરતા વધારે હશે વર્ષ ૨૦૧૪ના અંત સુધીમાં દુનિયામાં મોબાઈલ ફોનની સંખ્યા વધીને ૭.૩ અબજે આંબશે.

મોબાઈલ ફોનની સંખ્યા હાલની ૬ અબજથી વધીને વર્ષ ૨૦૧૪માં ૭.૩ અબજ થશે જયારે વસ્તી ૭ અબજ હશે.

**● બેંકો માટે લોન અરજીના નિકાલની સમયમર્યાદા ઘટાડાઈ**

તમે લોન માટે કરેલી અરજીનું શું થયું એ જાણવા માટે હવે તમારે બેંકની સાથે સંદેશ




વ્યવહાર કરવો નહીં પડે એવી શકયતા છે. રિઝર્વ બેંકે તાજેતરમાં બેંકોને કહ્યું છે કે એણે લોનની અરજીઓના નિકાલ માટેની સમયમર્યાદા નિયત કરી દેવી જોઈએ કેન્દ્રીય બેંકનો આ આદેશ એક મહિનાની અંદર અમલમાં આવશે.

જો કે લોનની અરજી પાસ થશે જ એવી કોઈ બાંયધરી નથી આ નિયમ ફકત એટલું સુનિશ્ચિત કરશે કે બેંકે લોન આપવી કે નહીં આપવી એનો નિર્ણય નિર્ધારિત સમયમર્યાદામાં કરી નાંખવો પડશે.

**● ડુંગળીના ભાવ હવે વધવા નહીં દેવાય**

આગામી તહેવારો



દરમિયાન ડુંગળીના ભાવોમાં ઉછાળો આવે તેવી શકયતાઓ વચ્ચે કૃષિ પ્રધાન રાધામોહનસિંહે જણાવ્યું છે કે કાંદાના ભાવ રૂ. ૮૦-૧૦૦ને સ્પર્શે તેની ખાતરી માટે સરકાર તમામ પગલાં ભરશે. ચોમાસું મોડું છે ત્યારે ખરીફ પાક પણ મોડો ઉતરે તેની સંભાવનાઓ વચ્ચે ડુંગળીના ભાવો ઉંચા ન જાય તેની તકેદારી રાખવા કૃષિ પ્રધાને તાકીદ કરી છે.

# જિલ્લાના ૨૩ તલાટીઓની સામુહિક બદલી

### અન્ય સંવર્ગમાં પણ ફરજના એક જ જગ્યાએ ત્રણ વર્ષ પૂરા કરનાર કર્મચારીઓની યાદી તૈયાર કરવા સુચના

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે એક સાથે ૨૩ તલાટીઓની બદલીના હુકમો જારી કરવામાં આવતાં તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

આમ તો તલાટીઓની બદલી અંગે ઘણા સમયથી રાહ જોવાતી હતી. મળતી વિગતો પ્રમાણે ૩ વર્ષ કરતાં વધુ સમય એક જ સ્થળે સેવાઓ બજાવી હોય તેવા તલાટીઓનો આમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પણ તલાટીઓની ઘટને લઈ વિપક્ષે પણ હલ્લાબોલ આક્રમણ કર્યું હતું. સામાન્ય સભા પુરી થયાના ગણતરીના દિવસોમાં જ બદલીનો આ દોર અન્ય સંવર્ગમાં પણ લાગુ કરાશે તેમ મનાઈ રહ્યું છે. દરેક વિભાગોને આ અંગે સૂચનાઓ ખાનગીમાં અપાઈ હોવાનું જાણવા મળેલ છે અને અધિકારીઓ દ્વારા આ અંગેની યાદી તૈયાર કરવામાં આવી રહી છે.

તલાટી સંવર્ગમાં થયેલી આ બદલીઓના આમ તો ગઈકાલે મોડી સાંજે હુકમો જારી કરવામાં આવ્યા હતા. આજે સવારથી જ તેની બજવણી શરૂ થઈ હતી.

તલાટીઓની એકાએક બદલીઓએ આમ તો વહીવટીતંત્રમાં થોડોક ખળભળાટ મચાવ્યો છે. હજુ એકાદ રાઉન્ડ તલાટીઓની બદલીઓનો આવશે તેમ મનાઈ રહ્યું છે. કેટલાક તલાટીઓ ત્રણ વર્ષ કરતાં પણ વધુ સમયથી ફરજ બજાવી રહ્યાનું ધ્યાન પર આવ્યું છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના અન્ય સંવર્ગમાં ત્રણ વર્ષે બદલીના હુકમનું અમલીકરણ ક્યારે થાય છે તેને લઈ આજથી જ અટકળોનો દોર શરૂ થઈ જવા પામ્યો છે અને કર્મચારીઓમાં પણ તેણે જોર પકડ્યું છે.



માનો ગરબો - ગુજરાતની સંસ્કૃતિની ઓળખ એટલે ગરબો... નવરાત્રીને આડે માંડ પંદર દિવસ બાકી છે ત્યારે બજારમાં માતાજીના ગરબા દેખાવા લાગ્યા છે... મા-આદ્યશક્તિની ઉપાસનાના મહાપર્વ નનવરાત્રીમાં ગરબો એ ગુજરાતની અસ્મિતા છે... અને ગુજરાતણ જ્યારે માથે ગરબો લઈને ઘુમતી હોય ત્યારે એના આત્મા વિશ્વાસની પરાકાષ્ટા અનુભવાય છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એનએબીએચનું ઈન્સ્પેક્શન હાથ ધરાયું

### આજે વિવિધ શાળાના વડાઓ સાથે ટીમની અલાયદી બેઠક યોજવામાં આવી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મેડિકલ કોલેજ જોકે સંકળાયેલી હોવાથી આજે તમામ વિભાગોના વડા સાથે એન.એ.બી.એચ.ની ઈન્સ્પેકશન ટીમ તેમની સાથે અલાયદી બેઠક કરશે.

એન.એ.બી.એચ. ઈન્સ્પેક્શનની ટીમ આજે સવારે ગાંધીનગર આવી હતી અને તેણે સિવિલ હોસ્પિટલના તમામ વિભાગોની ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી.

ત્રણ સભ્યોની બનેલી ટીમે આજે હોસ્પિટલની મુલાકાત દરમિયાન કર્મચારીઓને સારા એવા પ્રશ્નો પુછ્યા હતા તેમજ તેમને અપાયેલ તાલીમથી વિશેષ કયા પ્રકારની સેવાઓ આપે છે તેની જાણકારી પણ મેળવી હતી. આ ટીમે હોસ્પિટલનો વિસ્તૃત રાઉન્ડ લઈ અને તબીબી અધિકારીઓ તેમજ દર્દીઓ સાથે પણ સેવાના મુદ્દે વાતો કરી હતી.

એન.એ.બી.એચ.ની ટીમે આજે હોસ્પિટલની મુલાકાત દરમિયાન જે ત્રુટીઓ ધ્યાને આવી છે તેને લઈ એક અલગ નોંધ તૈયાર કરી હોવાનું જાણવા મળેલ છે.

આ ટીમ આજે દરેક વિભાગોના વડાઓ સાથે તેમજ મેડીકલ ઓફિસરો સાથે અલગથી બેઠક કરશે તેમ મનાઈ રહ્યું છે. ખાસ કરીને આ બેઠકમાં ટીમ કેટલીક મહત્વની સૂચનાઓ પણ વિભાગોના વડાને આપી તેના અમલીકરણ માટે આગ્રહ કરશે તેમ મનાઈ રહ્યું છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ એ એકમાત્ર સરકારી હોસ્પિટલ છે જે એન.એ.બી.એચ.નું પ્રમાણપત્ર ધરાવે છે. એન.એ.બી.એચ.ની ટીમ સ્ટીરીયો ટાઈપ નહિ પણ સેવા સુધાર પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે તેવો આગ્રહ રાખશે તેમ મનાઈ રહ્યું છે.

# આગામી વાઈબ્રન્ટ સમિટ પૂર્વે શહેરમાં નવા ૭ સર્કલો વિકસાવાશે

### સર્કલોની જાળવણીના મામલે નિરસતા દાખવતી સંસ્થાઓનો કોન્ટ્રાકટ રદ થશે

ગાંધીનગર, તા.૬

આગામી વાઈબ્રન્ટ સમિટ પૂર્વે નગરના સર્કલોને નવા રૂપરંગ આપવામાં આવશે. શહેરમાં નવા ૭ સર્કલોને વિવિધ થીમ આધારિત વિકસાવવામાં આવશે. જયારે સર્કલો વિકસાવવાની સાથે જાળવણીનું કામ પણ સંબંધિત સંસ્થાઓને સોંપવા કોન્ટ્રાકટ રીન્યુ કરાશે.

નગરના મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલો દાયકા પૂર્વે વિકસાવવામાં આવ્યા હતા જયારે સર્કલ વિકસાવવા તેમજ તેની યોગ્ય દરકાર રાખવા માટે તંત્ર દ્વારા સંસ્થાઓને જવાબદારી સોંપવામાં આવી હતી જયારે એક દાયકાના અંતે નગરના વિકસિત સર્કલોને લઈ જાળવણીનો અભિગમ વિસરાયો છે. જેના પરીણામે નગરની આગવી ઓળખ સમા સર્કલોની સુંદરતા દિન પ્રતિદિન છીનવાઈ રહી છે. શહેરના ૨૭ સર્કલો પૈકી નવા અસ્તિત્વમાં આવેલા સર્કલો વિકસાવવા માટે પણ તંત્ર દ્વારા આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં ગ-૧, ગ-૬, ખ-૬, છ-૫, ચ-૨, ગ-૨ અને ક-૬ના સર્કલોના સુઆયોજિત વિકાસ માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત સુપ્રત કરવામાં આવી છે. નવા સર્કલોને વિવિધ થીમ આધારિત વિકસાવવા ઉપરાંત અન્ય સર્કલોની જાળવણીની જવાબદારી સંભાળતી સંસ્થાઓનો કોન્ટ્રાકટ પણ રીન્યુ કરવામાં આવશે. જયારે આ પૈકી રસ ન ધરાવતી હોય તેવી સંસ્થાઓનો કોન્ટ્રાકટ રદ કરી નવી સંસ્થાઓને સર્કલોની જવાબદારી સોંપવામાં આવશે વાઈબ્રન્ટ પૂર્વે શહેરના તમામ સર્કલો વિકસાવવાનું કામ પૂર્ણ કરાશે.

# સ્ટોર્મ વોટર લાઈન માટે અભ્યાસ હાથ ધરાશે : ૭.૫૦ લાખ ખર્ચાશે

### વરસાદી પાણીના નિકાલની લાઈન માટે સર્વે કરવા એજન્સીને કામ સોંપાયું

ગાંધીનગર, તા.૬

શહેરમાં વરસાદી પણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર લાઈન નાંખવાની યોજના વર્ષોથી ધક્કે ચઢી છે સુઆયોજિત માળખાગત સુવિધા અને વિકાસની યોજનાઓના અંતે પણ વરસાદી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થાના અભાવે ચોમાસા દરમિયાન સેકટરોમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે. આખરે તંત્ર દ્વારા સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈનનું કામ હાથ ધરતા પૂર્વે એજન્સીને અભ્યાસ માટે કામ સોંપવામાં આવ્યું છે. સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી માટે સર્વે હાથ ધરાશે જેની પાછળ રૂ. ૭.૫૦ લાખનો ખર્ચ થશે.

ગાંધીનગરમાં દાયકાઓના અંતે પણ વરસાદી પાણીના નિકાલ સંદર્ભે નકકર વ્યવસ્થા થઈ શકી નથી. અત્યાર સુધી માત્ર ૭ સેકટરોમાં જ સ્ટોર્મ વોટર લાઈન નાંખવામાં આવી છે જયારે છેલ્લા પાંચ વર્ષથી તંત્ર કક્ષાએ આ મામલે તૈયાર કરાયેલી દરખાસ્ત પણ વિભાગમાં ધૂળ ખાય છે. વધતી વસતી અને વિકાસના અંતે શહેરમાં સ્ટોર્મ વોટર લાઈનનું કામ હાથ ધરવાનું તંત્ર માટે મુશ્કેલ બન્યું છે. સેકટરોમાં વિવિધ ઠેકાણેથી પાણી-ગટર ઉપરાંત વીજળી, ગેસ અન ટેલીફોન લાઈન પસાર થતી હોવાથી સ્ટોર્મ વોટર લાઈન નાંખવાનું કામ મુશ્કેલ બન્યું છે. આવા સંજોગોમાં બાકી રહેતા સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈન નાંખવા માટે જરુરી અભ્યાસ હાથ ધરવો પડે તેવી સ્થિતિ છે. આ કામગીરી દરમિયાન અન્ય લાઈનોમાં ભાંગ ફોડ ન થાય તેમજ કેબલોને નુકશાન ન પહોંચે તે અત્યંત મહત્વનું છે. આવા સંજોગોમાં સ્ટોર્મ વોટરલાઈનના આયોજન સંદર્ભે અભ્યાસ હાથ ધરવા એજન્સીને કામ સોંપવામાં આવ્યું છે.

વેચવાનો છે
ટવીન બંગલો
૩ બેડરૂમ
ગાર્ડન ફેસીંગ
અડાલજ
M: 99099 73933

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧




